**પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર**
**પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા**
**કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦**
**કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨**
**e-mail : cp-spl-vad@gujarat.gov.in**


ક્રમાંક G/CP/વિ.શા./ હથિ.બંધી જાહેરનામું /૨૫૧૯ /૨૦૨૨ તારીખ૧૩ /૦૫/૨૦૨૨

## જાહેરનામુ

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ :-**

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશ્નર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ખંજરનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૪/૦૫/૨૦૨૨ ના કલાક:૦૧/૦૦ થી તા.૨૮/૦૫/૨૦૨૨ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

**-: પ્રતિબંધિત કૃત્યો :-**

(ક) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઇ જવા ઉપર.

(ગ) કોઇપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઇ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઇ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઇ જવા ઉપર.

(જ) વ્યકિત, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:: વિસ્તાર ::-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યુ હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

**-:: શિક્ષા ::-**

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમાં અધિક પોલીસ કમિશ્નરશ્રી થી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**-:: જાહેર વિજ્ઞપ્તિ::-**

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પો.સ્ટે.ના પો.ઇ., મ.પો.કમિ.શ્રી ના.પો.કમિ.શ્રી તથા પો.કમિ.શ્રીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ.૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

**આજ રોજ તારીખ :- ૧૩ /૦૫/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.**

કમિશ્નર ઓફ પોલીસ
વડોદરા શહેર, વડોદરા

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>જય ભારત સહ નકલ રવાના</u> :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(3) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(4) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**